સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને
જાતિ પ્રમાણપત્રો બાબત..

૧. 'ઉન્નત વર્ગો'માં સમાવેશ થતો નથી.
તે મુજબનું પ્રમાણપત્ર.

૨. જાતિની ખરાઈ આધારિત જાતિ પ્રમાણપત્ર.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:-સશપ/૧૪૯૬/૪૧૯/અ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૧૧-૪-૧૯૯૬.

પ રિ પ ત્ર :-

રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને હાલ નીચે મુજબના હેતુઓ માટે જાતિ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

૧. રાજ્ય સરકારની નોકરીઓ તેમજ સેવાઓ તથા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ દરમ્યાન અનામતનો લાભ મેળવવાના હેતુ માટે તેમનો સમાવેશ 'ઉન્નત વર્ગો'માં થતો નથી, તે મુજબનું પ્રમાણપત્ર.

૨. રાજ્ય સરકાર તરફથી મળતા અન્ય લાભો માટે માત્ર જાતિની ખરાઈ આધારિત જાતિ પ્રમાણપત્ર.

રાજ્ય સરકારને અવારનવાર રજૂઆતો મળતી રહેલ છે કે સક્ષમ અધિકારીઓ દ્વારા આવાં જાતિ પ્રમાણપત્રો સમય મર્યાદામાં મળતાં હોતાં નથી, તેમજ એવા પુરાવાઓ રજૂ કરવા જણાવવામાં આવે છે. જે એકત્ર કરવામાં/ રજૂ કરવામાં સારો એવો સમય જાય છે. કેટલીક જગાએ માત્ર સમાજ કલ્યાણ અધિકારી દ્વારા અપાયેલ જાતિ પ્રમાણપત્રો જ આગ્રહ રાખવામાં આવે છે.

સદર્ભ-ત ઉપરોકત પ્રકારની ફરિયાદો ઉદ્ભવે નહીં તે માટે અગાઉ અત્રેથી સૂચનાઓ અપાયેલ છે જ. આમ છતાં નીચે મુજબ પુનઃસૂચનાઓથી ધ્યાનમદોરવામાં આવે છે.

..૨...

૧. જે અધિકારીઓને જાતિ પ્રમાણપત્ર આપવા સક્ષમ અધિકારી જાહેર કરેલા છે તે પૈકી કોઈ પણ અધિકારીએ આપેલ પ્રમાણપત્રની અધિકૃતતા એક સરખીજ છે એટલે માત્ર સમાજ કલ્યાણ અધિકારી ધ્વારા અપાયેલ પ્રમાણપત્રનો આગ્રહ રાખવો નહીં.

૨. જો કોઈ જાતિ પ્રમાણપત્ર ખોટી રીતે અથવા શંકાસ્પદ રીતે અપાયેલ હોવાનું જણાય તો જે તે સત્તાવાળાઓએ નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતા સાથે પરામર્શ કરવો . જો કોઈ પ્રમાણપત્ર શંકાસ્પદ અથવા ખોટી રીતે અપાયેલ હોય તેમ જણાય તો તેને રદ કરવાની તથા સબંધીત વ્યકિત સામે કાયદાકીય કાર્યવાહી કરવાની સત્તાઓ નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણને તા. ૬-૧-૯૫ના ઠરાવ ક્રમાંક:-સશપ/૧૪૯૪/૨૦૨૦/અ.થી આપવામાં આવેલ છે.

૩. ''ઉન્નત વર્ગોમાં સમાવેશ થતો નથી તે મુજબનું પ્રમાણપત્ર વધુમાં વધુ ૬૦ દિવસમાં અપાઈ જાય તે જોવા દરેકને વિનંતી છે.

જ્યારે જાતિની ખરાઈ આધારિત પ્રમાણપત્ર આપવા માટે કોઈ સમય મર્યાદા નિયત થયેલ નથી. આમ છતાં અરજદારોને સત્વરે તેમજ સરળતાથી જાતિ પ્રમાણપત્ર મળી રહે અને અરજદારો તરફથી તે વિલંબ અંગેની ફરિયાદ ન થાય તે મુજબની વ્યવસ્થા ગોઠવવી. અમુક ચોકકસ દિવસો પણ આ માટે મુકરર કરી શકાય.

૪. જાતિ પ્રમાણપત્ર માટેની અરજીપત્રક સાથે કયા પ્રકારના પુરાવા રજુ કરવા તે બાબતે સક્ષમ અધિકારીની વિવેક બુધ્ધિ પર આધારિત છે. આમ છતાં કયા પ્રકારના પુરાવાઓ જરુરી છે તે દર્શાવતી સુચનાઓ જાહેર નોટીસ બોર્ડ ઉપર મુકવી તેમજ અરજદારને વ્યકિતગત કિસ્સામાં સંતોષકારક માર્ગદર્શન પણ આપવું.

૫. જે અધિકારીઓને સક્ષમ અધિકારી જાહેર કરેલ છે તે પૈકી કોઈપણ અધિકારીએ આપેલ પ્રમાણપત્રની અધિકૃતતા એક સરખી જ હોવાથી અરજદાર જે સક્ષમ અધિકારી સક્ષમ અધિકારી સમક્ષ

જ

....૩...

માટે રજુઆત કરે તો તે સક્ષામ અધિકારીએ અરજદારને અન્ય સક્ષામ અધિકારી સમક્ષ જાતિ પ્રમાણપત્ર મેળવવા માટે ન મોકલતાં જે તે અધિકારીએ જ યોગ્ય નિર્ણય લેવો.

ઉપરોકત સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવા તેમજ તાબાના સર્વે અધિકારીઓ/કર્મચારીઓના ધ્યાને લાવવા આપી વિનંતી કરવામાં આવે છે.

રા.વિ.સુથાર
(આર.વી.સુથાર)
સેકશન અધિકારી,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ,
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ.
સર્વે મામલતદારશ્રીઓ,
સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ,(વિ.જા.)
સચિવાલયના તમામ વહીવટી વિભાગો.
નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું,ગુ.રા.,ગાંધીનગર.
સીલેકટ ફાઈલ. ગ-શાખા,સમાજ કલ્યાણ વિભાગ.

પટેલ//૧૧૪૯૬/